અપીલ અરજી નં.૨૬૧ તા.૧૦-૧૨-૦૮/૦૯

અરજદારઃ શ્રી ભુપેન્દ્રકુમાર આર. વાલા
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)
ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)

## ફરીયાદની હકીકતઃ-

***વિષય :***-આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભુપેન્દ્રકુમાર આર. વાલાની તા.૩-૧૧-૦૮ની અરજીથી મેઈન્ટેનન્સ આસી. (ઈલે.) તથા આસી. એન્જી. (ઈલે.) ની ભરતી અંગે જાન્યુઆરી ૧૯૯૮ થી ઓકટોબર ૨૦૦૮ સુધી થયેલ કાર્યવાહી અંગે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***- અરજદાર મજકુરની તા.૧૦/૧૨-૧૨-'૦૮ ની અપીલ અરજી નં.૨૬૧/૨૦૦૮-૦૯

શ્રી ભુપેન્દ્રકુમાર આર. વાલાની તા.૩-૧૧-૦૮ની અરજીથી મેઈન્ટેનન્સ આસી. (ઈલે.) તથા આસી. એન્જી. (ઈલે.) ની ભરતી અંગે જાન્યુઆરી ૧૯૯૮ થી ઓકટોબર ૨૦૦૮ સુધી થયેલ કાર્યવાહી અંગે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રત્યુત્તર ન મળવાથી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦/૧૨-૧૨-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૩ તા.૧૮-૧૨-૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર (સ્પે) ના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૩૭ તા.૨૨-૧૨-૦૮ થી મોકલેલ માહિતી અનુસાર તેઓની કક્ષાએ શ્રી વાલાની તા.૩-૧૧-૦૮ ની અરજી મળેલ નહીં હોવાનું જણાવેલ. જેના અનુસંધાને સ્ટેનો ટુ ડે.કમિશ્નર (જન.) ના પત્ર નં.સી/ડીસીજી/૨૪૩ તા.૨૩-૧૨-૦૮ થી પર્સોનલ ઓફિસર મહેકમ અને રીક્રુટમેન્ટને શ્રી વાલાની તા.૩-૧૧-૦૮ ની અરજી સ્ટેનો કક્ષાએ શરતચુકથી રહી ગયેલ હોઈ આગળની કાર્યવાહી સારું રવાના કરેલ અને તેની જાણ અત્રે કરેલ. જેના અનુસંધાને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૮૯૧ તા.૨૪-૧૨-૦૮ થી પુનઃ બંન્ને જાહેર માહિતી અધિકારીઓને શ્રી વાલાની મુળ અરજી બાબતે આરટીઆઈના કાયદા અનુસાર નિકાલની કાર્યવાહી હાથ ધરી તે અંગેની વિગતો અત્રે મોકલી આપવા પુનઃ જણાવવામાં આવેલ. જે બાબતે પર્સોનલ ઓફિસરશ્રી (આર) અને મ. જાહેર માહિતી અધિકારીશ્રીના પત્ર નં.જીએડી/ઈએસટી/આર ૮૫૬ તા.૩૧-૧૨-૦૮ થી અત્રે મોકલેલ પૂરક વિગત અનુસાર શ્રી વાલાને મુળ અરજીથી માંગેલ મેઈન્ટેટન્સ આસી. ઈલેટ્રીકલ તથા આસી. ઈજનેર ઈલેકટ્રીકલની ભરતી અંગે જાન્યુઆરી ૧૯૯૮ થી ઓકટોબર ૨૦૦૮ સુધીમાં થયેલ ભરતીની પ્રક્રિયા (જાહેરાત,લાયકાત,પગાર ધોરણ, જગ્યાની સંખ્યા તથા તેના અનુસંધાને મૌખિક ઈન્ટરવ્યુ માટે બોલવવામાં આવેલ સામાન્ય કક્ષાના ઉમેદવારોને લાયકાત ટકા અને અનુભવ લેખિત તેમજ મૌખિક પરીક્ષાના માર્કસની વિગત તથા મુદ્દા નં.૩ અને ૪ થી પસંદગી પામેલ સામાન્ય કક્ષાની યાદી પસંદગી પ્રક્રિયા, ટકા, ભારણ તથા અનુભવ વિગેરેની ચાર મુદ્દાની માહિતી અરજદારને વિના મૂલ્યે પૂરી પાડી તેની જાણ અત્રે કરવામાં આવેલ.

આમ જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ કક્ષાએથી એમને અરજી મળ્યેના સપ્તાહમાં જ વિના મૂલ્યે માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ જણાય છે.

અરજદારની મુળ અરજી જે સેન્ટ્રલ ઝોન કક્ષાએ તા.૩-૧૧-૦૮ ના રોજ સ્વીકારાયેલ જે આરટીઆઈ કાયદાની કલમ-૬(૩) તથા નિયા-૪(૨) હેઠળ વિધીસર રીતે તબદીલ કરવાના બદલે સામાન્ય ટપાલથી સ્ટેનો ટુ (ડે. કમિ. જનરલ)) ને મોકલી આપવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થાય છે તથા સ્ટેનો કક્ષાએ તા.૪-૧૧-૦૮ થી તા.૨૨-૧૨-૦૮ સુધી અનિર્ણિત રહેવા પામેલ હોવાનું સ્પષ્ટ થાય છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની અપીલ અરજીના અનુસધાંને જાહેર માહિતી અધિકારીશ્રી રીક્રુટમેન્ટ અને ડે.કમિશ્નર (સ્પે) કક્ષાએથી અરજદારે માંગેલ મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી વિના મૂલ્યે પૂરી પાડવામાં આવેલ હોય અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

જાહેર માહિતી અધિકારીશ્રી સેન્ટ્રલ ઝોનને તેમની કચેરી ખાતે મળેલ અન્ય જાહેર માહિતી અધિકારી/ જાહેર સત્તા મંડળને લગતી અરજીઓ કાયદાની કલમ-૬(૩) સાથે નિયમ-૪(૨) અન્વયે દિન-૫ માં અચુક તબદીલ કરવા કાળજી રાખવા લાગત કક્ષાએ સુચના આપવા જણાવવામાં આવે છે. તથા સ્ટેનો ટુ ડીસીજીને મળેલ કોઈ પણ અરજી અનિર્ણિત કક્ષામાં નહીં રાખતા સત્વરે નિકાલની કાર્યવાહી હાથ ધરવા તાકીદ કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : -૧ -૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧)ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) અને ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટ ,.......જાણ તથા અમલ માટે.
(૨) ભુપેન્દ્ર આર વાલા